જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૪/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૯૫ લીટર દેશી દારૂ, ૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦૮ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬,૪૮૨/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૯૩/૨૦૨૬**

વટવા જીઆઈડીસીઃ જગદીશભાઈ રણછોડભાઈ ભરવાડ (ઉ.વ.૬૪) (રહે. શુભમ બંગ્લોઝ વિઠ્ઠલનગરનો ટેકરો જશોદનગર વટવા જીઆઈડીસી) એ તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૬ કલાક ૧૨/૦૦ થી તા.૨૭/૦૩/૨૦૨૬ સાંજના ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૯૩,૩૭૧/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

સોનાનું ડોકયુ ખેચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૪૯૪/૨૦૨૬**

નારોલઃ ધર્મિષ્ઠાબહેન વા/ઓ અરવિંદભાઇ પટેલ (ઉ.વ.૬૩) (રહે. પ્રેરણા સોસાયટી નમ્રતા સોસાયટીની અંદર વટવા રોડ ઈસનપુર) તા.૨૯/૦૩/૨૦૨૬ કલાક ૦૬/૪૫ વાગ્યાના સુમારે નારોલ ઈસનપુર–વટવા રોડ જેઠાભાઇની વાવ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના ટુ વ્હીલર ઉપર આવેલ બે પુરૂષએ ભેગામળી ધર્મિષ્ઠાબહેન પટેલના ગળામાંથી સોનાનું ડોકિયું કિમત રૂપિયા ૫૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધર્મિષ્ઠાબહેન પટેલે તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી